

## સ્વ. અબ્દુલ કલામને...

હતો કો' ઓલિયો વા પીર શો અબ્દુલ કલામજી,
સજળ નયણે, અમાણી હો તુને, લાખું સલામજી.
કરી કૈં કેટલી વિદ્યા-કલા તેં હસ્તગત અય વીર,
દઈને દેશને ગૌરવ, અજબ તેં દાખવ્યું છે હીર!
અણુવિજ્ઞાનના ક્ષેત્રે, અજબ કેડી તેં કંડારી,
'મિસાઈલ'ની કમાલે તેં, રિપુદળને દીધાં ડારી.
ગરીબીમાં ય તેં જન્મી, અસીત કૌવત બતાવ્યું છે,
સિંચીને પ્રેરણા યૌવનને હા! ગૌરવ જતાવ્યું છે.
રહ્યો છેવટ લગી અળગો, તું જાતિ વા ધરમ નામે,
થયો માનવ-'મહામાનવ,' જીવ્યો ઈન્સાનિયત નાતે.
બિરાજી ટોચના પદ પર, લગીરે ના તું છલકાયો,
ને છેલ્લા શ્વાસ લગ, તારો શબદ બ્રહ્માંડમાં છાયો.
સમય વીતશે ના વિસરાશે, કલામ તુજ કામ દુનિયામાં,
અજર રે'શે, અમર રે'શે હા! તારું નામ દુનિયામાં.

**- ભરત કવિ 'ઊર્મિલ'**

## ગાંધીનગર સમાચાર

ગાંધીનગર કેરું અદકું અખબાર
ધીર ગંભીર તટસ્થ છે અખબાર
નગર જિલ્લા તણા સમાચારનું અખબાર
ગર્વિષ્ટ અને ધર્મિષ્ઠ છે અખબાર
રસપૂર્ણ સમાચાર કેરું અખબાર
સમય-સંજોગનું દર્પણ છે અખબાર.
માહિતી-જ્ઞાન દર્શાવે અખબાર
ચાહત મેળવે છે આ અખબાર
રણનીતિ સ્પષ્ટ કરે અખબાર
નેક કલમોને ઉજારે છે અખબાર
શુભ સમાચારોની સુવાસે અખબાર
ભલા કામને નામ કેરું અખબાર
કાર્ય નિષ્ઠા દર્શાવતું અખબાર
મઝહબમાં સમ રહે અખબાર
નામ સદાય ગુંજતું રહે અખબાર

**- રઘુસિંહ ગોલ 'નીર'**

# ધ્યાન, જ્ઞાન, ધૈર્ય અને કર્મ ગુરૂએ આપેલા અણમોલ મોતી છે



ગુરૂ તમામ પરિસ્થિતિમાં પ્રેરણાદાયી બની રહે તે પછી સાંસારિક બાબત હોય, સુખ દુ:ખના સંજોગો હોય કે નોકરી-અભ્યાસ-ગુરૂ વિના અજવાળું ન પથરાય. મારા જીવનમાં મેં ગુરૂ તરીકે મારા પિતા કાન્તિલાલ પંડયાને જોયા છે. કર્મના સિધ્ધાંતને ધ્યાને રાખી ઓછું બોલી માત્ર પોતાના કર્મોથી જ અન્યને પ્રેરણા આપી છે. ધ્યેય સિધ્ધિ માટે જીવનમાં કયારેય લક્ષ્મીની નહીં પરંતુ સરસ્વતીની કૃપા જરૂરી હોય છે. ૮૩ વર્ષની ઉંમરે પણ તેઓ કર્મભકિતને વિશેષ ભાર આપે છે તેમની કર્મનિષ્ઠા પ્રેરણાદાયી છે.

**- ભરત કાન્તિલાલ પંડયા**
**કાર્યપાલક ઈજનેર**
**પાટનગર યોજના ભવન, ડીવીઝન-૩**

પુસ્તકો માત્ર માહીતી હોય છે. ગુરૂકૃપા હી કેવલમ્... ગુરૂની કૃપાથી જ સઘળું સમુસુથરૂ પાર ઉતરે છે. ગુરૂની કૃપા દષ્ટિથી જ કોઈ પણ વિદ્યા ફળે છે. યોગ, સંગીત-આર્યુવેદ વિશેષરૂપે ગુરૂ ગમ્ય કહેવાય છે. મારા ગુરૂ પંડીત મનહરપ્રસાદ ભટ્ટ પાસેથી જ સંગીતના સ્વરનું જ્ઞાન મેળવ્યું છે. સંગીતમાં ૫૦૦ રાગ છે. જે પુસ્તકોમાં નથી. કેવા સ્વરો ગાવાથી રાગ આવે તેનું માત્ર ગુરુની કૃપાથી જ્ઞાન આવે. પુસ્તકો અને ઈન્ટરનેટમાં બધુ ઉપલબ્ધ છે. પરંતુ બારીકાઈથી અવલોકન માત્ર ગુરૂના માધ્યમથી જ થાય.




**- પિનાકીન વ્યાસ**
**શાસ્ત્રીય સંગીત તજજ્ઞ, અરવિંદ કેન્દ્ર, સે-૨૩**

હું મહેશ નટવરભાઈ પટેલ જે આજથી ૧૦ વર્ષ પહેલાં ભણીને નોકરી વગરનું બેકારીનું જીવન વિતાવતો હતો ત્યારે મારા જીજાજી (ગુરુજી) પંકજભાઈ મણીભાઈ પટેલ મુબારકપુર જેઓએ મીના બજારમાં ઝેરોક્ષની દુકાન બતાવીને મને ધંધો કરવા પ્રેરિત કર્યો. તેમના થકી આજે હું પગભર થઈને મારું તથા મારા છોકરાઓનું ભરણપોષણ એક મધ્યમવર્ગ જેવું સારી રીતે કરીને જીવન વિતાવી શકું છું. મારા જીવનમાં મારા ગુરુજી પંકજભાઈનો ઘણો સહકાર મળ્યો છે, જેઓ ધંધાના કુશળ હતા ને મને રોજ ધંધો કેવી રીતે ડેવલોપ કરવાની સલાહ આપતા રહેતા હતા. તેમનાથી આજે હું ઘણો જ સુખી છું. એમનો આભારી છું. જેનાથી તેઓ મારા ગુરુજી છે ને વધારેમાં જો મને એમને આંગળી ના ચીંધી હોત તો શિક્ષિત હોવા છતાં હું અશિક્ષિત જેવું જીવનનિર્વાહ કરતો હોત. તેથી જ આજે ગુરુપૂર્ણિમાના દિવસે અવશ્ય હું તેમના આશીર્વાદ લઉં છું જ.



**ઉમંગ ઝેરોક્ષ**
**૬૭૫, મીના બજાર, ગાંધીનગર**




## આજે ગુરુપૂર્ણિમા

દરેક માણસના જીવનમાં ગુરુનું એક ચોક્કસ, વિશિષ્ટ અને ઉચ્ચ સ્થાન હોય છે, ને ગુરુ વિના કોઈ જ્ઞાન ઊપજતું નથી. ગુરુ સમક્ષ સમર્પણભાવે ઉપસ્થિત થનાર ભક્તને મુક્તિ, શક્તિ અને ભક્તિ મળે છે. ગમે તેવાં સંકટોમાં ઘેરાયો હોય, પરંતુ 'ગુરુ' શબ્દ કાને પડતાં જ શિષ્યને હૈયે ટાઢક વળી જાય છે, દિલમાં ચેન પડે છે અને નિર્ભય બની જવાય છે. હિન્દુ કેલેન્ડર વર્ષ દરમિયાન અનેક પૂનમો આવે છે, પણ ગુરુપૂર્ણિમા અત્યંત વિશેષ મહત્ત્વ ધરાવતી અનોખી પૂનમ બની રહે છે.

આ પ્રસંગે ગુરુપૂર્ણિમા અંગે લોકોમાં કેવો ભાવ છે તે નીરખવા માટે 'ગાંધીનગર સમાચાર' દૈનિક દ્વારા પ્રયાસ કરાયો હતો. નગરના કેટલાક મહાનુભાવોના અભિપ્રાય અત્રે રજૂ કરીએ છીએ:

અંગ્રેજોના સમયે ભારતીય સંગીતમાં અંધકાર યુગ હતો, તેમાંથી સંગીતને આજની કક્ષાએ લાવવામાં જેમનો સિંહફાળો છે તેવા વિષ્ણુ પલુસ્કરના શિષ્ય વી.એન. પટવર્ધનના પ્રજ્ઞાચક્ષુ શિષ્ય હતા નામદેવ ભોગે. હું પોતે પણ પ્રજ્ઞાચક્ષુ છું અને ૧૯૬૪થી ૧૯૭૪ દરમિયાન દસ વર્ષ અમદાવાદની અંધશાળામાં રહીને નામદેવ ભોગે પાસે સંગીત શીખી વિશારદ અને અલંકાર પણ થયો. મારા ગુરુ નામદેવ શિસ્તના તેમજ રિયાઝના કડક આગ્રહી હતા. તેઓ રાગજ્ઞાનમાં કુશળ હોઈ પ્રત્યક્ષ ગાયન કરીને રાગો વચ્ચેનો ભેદ સમજાવતા. તેઓ સવારે ૫ થી ૭ વાગ્યા દરમિયાન રિયાઝ કરવાના આગ્રહી હતા અને તે બાબતની છૂપી તપાસ પણ રાખતા. તેમના પ્રશિક્ષણના કારણે આજે હું ગાંધીનગરમાં ૧૯૭૩થી શાસ્ત્રીય સંગીતની પદ્ધતિસરની તાલીમ આપી રહ્યો છું.



**- પ્રવીણકુમાર કે. પરમાર**
**પ્રજ્ઞાચક્ષુ સંગીત શિક્ષક**
**૭૪૧, સોમેશ્વર સોસાયટી, સેકટર-૨૭, ગાંધીનગર**

એક શિક્ષક ધારે તો કેટલું ઉત્તમ કાર્ય કરી શકે તેનું ઉદાહરણ એટલે મારા ગુરુ ડૉ. સોમભાઈ સી. પટેલ. હું આજે ગાંધીનગરની સી.એમ. નર્સિંગ હોમ કૉલેજમાં પ્રાધ્યાપિકા - લાઈબ્રેરિયનના હોદ્દા પર કામ કરી રહી છું તેનું શ્રેય એકમાત્ર મારા ગુરુને ફાળે જાય છે. તેમના આદર્શ વ્યક્તિત્વે મારા જેવા ઘણા વિદ્યાર્થીઓના જીવનમાં પ્રકાશ પાથર્યો છે. તેમણે મારામાં આત્મવિશ્વાસ જગાડ્યો અને એક ફેકલ્ટી તરીકે મારા વ્યક્તિત્વને વિકસાવવામાં ખૂબ મદદ કરી છે. ખાલી વર્ગમાં તેઓ સામે બેસીને હું વિદ્યાર્થીઓને ભણાવતી હોઉં તેવી તાલીમ આપતા અને ત્યારબાદ વિદ્યાર્થીઓ સમક્ષ કોચીંગ સેશન શરૂ કરાવ્યું. હું મારા ગુરુની ખૂબ આભારી છું અને સદા તેમને વંદન કરું છું.



**- અંજના બારોટ, લાઇબ્રેરિયન**
**સી.એમ. પટેલ કોલેજ નર્સિંગ, સે-૧૨, ગાંધીનગર**

મારે મન ગુરુ એટલે
ગોવિંદને ગોતવાની ગલી...
મારે મન ગુરુ એટલે
જગતને જીવતાની છળી...
છે તો અનેક રૂપે એ
સાક્ષાત પણ મારે મન
ગુરુ એટલે જગતના દરેક
ફૂલની કળી...



**- ભક્તિ મોરી, ગાંધીનગર**



જિંદગીમાં સાચી સમજથી જીવવાનું માત્ર ગુરુ જ શીખવી શકે છે. જીવનમાં એક નવો દષ્ટિકોણ અને નવી દિશા કોઈ ત્યારે જ આપી શકે છે, જયારે તેને જીવનમાં રાહ ચિંધનાર ગુરુ હોય છે... ગુરુ વગરનું જીવન હંમેશા ગૂંચવાયેલું જ હોય છે.

**- ડો. સેજલ ચૌધરી**
**મદદનીશ તાલુકા વિકાસ અધિકારી**

જેમ દરિયાના કિનારે જહાજો માટે દીવાંદાડીનું મહત્ત્વ છે તેમ જીવનરૂપી જહાજને સાચી દિશામાં હંકારવા માટે ગુરુની આવશ્યકતા છે. મારા પરમ શ્રદ્ધેય ગુરુની પ્રેરણા તથા તેમનું માર્ગદર્શન મારા જીવનને સફળ બનાવવા માટે અતિ મહત્ત્વનું છે. મારી દરેક સફળતામાં અને જીવનની દરેક પરિસ્થિતિમાં મારા ગુરુ મને સતત પ્રેરણા આપે છે. આજના ગુરુ પૂર્ણિમાના ઉત્સવ પર મારા ગુરુની પ્રેરણા મુજબ કાર્ય કરતા રહેવું તે જ તેમને સાચી ગુરુદક્ષિણા છે.



**- કપિલકુમાર શાહ, ગાંધીનગર**

ગાંધીનગર સમાચારને શુભેચ્છાઓ....

STRONG
SINCE 1953
One Company... Many Solutions



SINCE 1953
UDHYOG RATAN AWARDED
M/s. ZAHOORBHAI K. MISTRY
G.M. Raod, Char Rasta, DHANSURA - 383310
Dist. SABARKANTHA (GUJARAT) INDIA
Phone : (02774) (O) 222057 (M) 094263 91092

સંકલન :- સમીર બલોચ (૯૯૨૪૩૩૩૩૪૩)એન્ડ જીતેન્દ્ર પટેલ(૯૪૨૭૩૬૮૫૦૩)
મોડાસા અરવલ્લી જીલ્લા બ્યુરો ઓફીસ, પ્રમુખધામ કોમ્પ્લેક્ષ, મોડાસા